ગાંધીનગર સમાચાર
તા. ૧૧-૫-૨૦૧૪, રવિવાર

તંત્રી સ્થાનેથી....

અંદરથી હચમચી ગયેલા ચૂંટણી બહાદુરો

લોકસભાની ચૂંટણીના નવમા ચરણમાં પશ્ચિમ બંગ અને ઉત્તરપ્રદેશ જેવાં મહત્વપૂર્ણ રાજયોની બાકી રહેલી બેઠકો માટેની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણીના આઠ તબક્કા પૂરા થયા ત્યાં સુધીમાં એક વાત ખૂબ જ સ્પષ્ટ બની ગઈ છે કે પ્રજા યુપીએ સરકારને વિદાય આપવા માગે છે. ગાંધી પરિવારની નજીક ગણાતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજયસિંહ પોતે આ પ્રકારની કબૂલાત કરી ચૂક્યા છે. પ્રજામાં સત્તાવિરોધી મોજું છે, એનો અહેસાસ તો કોંગ્રેસના યુવરાજ તરીકે ઓળખાતા રાહુલ ગાંધીને પણ ક્યારનોય થઈ ગયો હતો. એ જુદી વાત છે કે એમણે અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ કોંગ્રેસને સમ્માનપૂર્વક દેશના રાજકારણમાં ટકાવી રાખવાના ઉદ્દેશથી રાત-દિવસ એક કરી દઈ દેશના ખૂણે ખૂણે ફરી વળી ઝંઝાવાતી ઝુંબેશ ચલાવી છે. ઉત્તર ભારતની ખોટ સામાન્ય સંજોગોમાં દક્ષિણ ભારતમાં સરભર થઈ જતી, અગાઉ આવું વારંવાર બન્યું પણ છે. પરંતુ આ વખતની ચૂંટણીમાં એ ઘટનાનું પુનરાવર્તન પણ શકય નથી. કૌભાંડો સાથે સંકળાયેલા યુપીએના પાર્ટનર કરુણાનિધિએ કોંગ્રેસ સાથે છેડો ફાડી દીધો હોઈ તમિલનાડુમાં કોંગ્રેસ એકલીઅટૂલી પડી ગઈ છે તો વળી આંધ્રપ્રદેશમાં તેલંગાણા મુદ્દો કોંગ્રેસ માટે ખોટનો સોદો પુરવાર થયો છે. વાયએસઆરના હુલામણા નામે ઓળખાતા આંધ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રીના આકસ્મિક અવસાન પછી કોંગ્રેસની માઠી દશા બેઠી છે. ભાજપ માટે દક્ષિણના દરવાજા ખુલ્લા થયા છે. કર્ણાટકમાં શક્તિશાળી નેતા યેદિયુરપ્પા કે વિવાદાસ્પદ રામુલુને પાર્ટીમાં લઈ ટિકિટો આપવામાં નૈતિક અધઃપતન ભલે દેખાતું હશે, પરંતુ રાજકારણમાં તો 'જો જીતા વહી સિકંદર'વાળો નિયમ લાગુ પડે છે. આ મુદ્દે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી અત્યાર સુધીના રાષ્ટ્રય રાજકારણના સૌથી 'શ્રુટ' અને 'માસ્ટર પ્લાનગર' નેતા સાબિત થયા છે. રાહુલ ગાંધી એમની બહુ આયામી-રાઢા રાજકારણી તરીકેની ઈમેજ સામે ઘણા જ વામણા લાગે છે. ઉમદા વ્યક્તિત્વ અને સ્વચ્છ છબીવાળા યુવા નેતા રાજકારણની ગંદી ગોબરી નરેન્દ્ર મોદી, મુલાયમસિંહ, શરદ પવાર, માયાવતી, મમતા બેનરજી અને જયલલિતા જેવા ખેલાડીઓ સામે ટકી જ ન શકે, એવી એક છાપ શરૂથી જ લોકમાનસમાં દૃઢ બની ગઈ હતી. સોનિયા ગાંધી પણ આ પરિસ્થિતિ પામી ગયાં છે અને તેથી યેનકેન પ્રકારેણ તેઓ મોદીને સત્તાથી દૂર રાખવા બિનસાંપ્રદાયિક પરિબળોને એક મંચ પર લાવવા પ્રયત્ન કરતાં રહ્યાં છે. એ પ્રયાસ પણ પ્રવાહી રાજકારણની સ્થિતિમાં કેટલા કારગત નીવડશે તે પ્રશ્ન જ છે. સામે પક્ષે ત્રીજા મોરચાની હવાઈ કલ્પનામાં રાચતા મુલાયમસિંહને પણ ગ્રાઉન્ડ રિયાલિટીનો અહેસાસ થઈ ચૂકયો છે. પોતે પોતાનો જ ગઢ સાચવી શકવાની સ્થિતિમાં નથી ત્યાં વડાપ્રધાન બનવાનાં સપનાં સેવવાં નિરર્થક છે, એટલું તો એ પણ સમજી ગયા છે. સૌથી મજબૂત નેતા તરીકે ઊપસી રહેલા નરેન્દ્ર મોદી સામે વારાણસીમાં જ મોટા પડકારો સરજાયા છે. જો કે એ પડકારો પાર કરવાની આવડત અને કુનેહ એમનામાં અભેર ભરી છે. ઍનડીએ ૩૦૦ ઉપર બેઠકો લાવશે એવું નિવેદન કરનારા અમિત શાહ અને ઠેર ઠેર રેલીઓ યોજી ત્રણસો કમળની માગણી કરતા રહેલા નરેન્દ્ર મોદી પણ અંદરથી ડઘાઈ ગયા છે. એમની ડાયલૉગબાજી સાંભળવા ઊમટતી ભીડ મહદંશે તો 'મૅનેજ' કરાયેલી હોય છે. એટલે એથી આમ જનતાને આંજી જરૂર શકાય પરંતુ ઈવીએમ મશીનો શું બોલશે એ તો છેક સોળમી મેના દિવસે ખબર પડશે. તેથી સ્તો મોદી એમની મુલાકાતોમાં પોતાના કટ્ટર વિરોધીઓ સાથે પણ 'દેશના હિતમાં' હાથ મિલાવવાની વિનમ્રતા દાખવી રહ્યા છે.

આજે ઓમપ્રકાશ ઉદાસીની સાહિત્ય ગોષ્ઠિ યોજાશે

ગુજરાતી-હિન્દી સાહિત્યકાર-કવિ ઓમપ્રકાશ ઉદાસી તેમની આગવી છટામાં સાહિત્ય ગોષ્ઠિ અને કાવ્ય પઠન કરશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા ગુજરાતી અને હિન્દીના જાણીતા સાહિત્યકાર અને કવિ ઓમપ્રકાશ ઉદાસીની સાહિત્ય ગોષ્ઠિ તેમજ તેમના દ્વારા લિખિત વ્યંગ કાવ્ય સંગ્રહ 'હૈસો-હૈસો'ના કાવ્ય પઠનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમ તા. ૧૧મી મે રવિવારે સે. ૨૧ માં સિનિયર સીટીઝન કાઉન્સીલના કાર્યાલય મહારાષ્ટ્ર ભવન સામે આવેલ નમન એપાર્ટમેન્ટ ખાતે સાંજે ૬.૦૦ વાગે યોજાશે.

આ કાર્યક્રમમાં ઓમપ્રકાશ ઉદાસી તેમની આગવી છટામાં અને અનોખી બાનીમાં સાહિત્ય ગોષ્ઠિ અને કાવ્ય પઠન કરશે. આ કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ ભરત કવિ 'ઉર્મિલ' સંભાળશે. તેમજ પૂર્વ પ્રમુખ હરિકૃષ્ણ પાઠક ખાસ ઉપસ્થિત રહી ઓમપ્રકાશ ઉદાસીની સાહિત્ય સાધનાનો પરિચય કરાવશે. ગાંધીનગર સાહિત્યસભા દ્વારા સાહિત્યિક પરિસંવાદો, કવિસંમેલનો, સાહિત્યિક પ્રવાસો, વિદ્યાર્થીઓ વચ્ચેની સાહિત્યિક સ્પર્ધાઓ, પુસ્તક મેળાઓ વગેરેનું આયોજન કરવામાં આવે છે. ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા ઓમપ્રકાશ ઉદાસીની સાહિત્ય ગોષ્ઠિમાં સર્વે સાહિત્ય રસિકજનોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

હરિની દૃષ્ટિ...

મધર્ડ ડે તો દર વર્ષે આવે છે તેમાં આટલો મોંઘો બૂકે શું કામ લાવ્યો, ભુટ પહેરીને અંદર આવી ગયો, કપડા આટલા કરચલીવાળા કેમ છે, ઢીકથી બેસતા પણ નથી શીખ્યો, ગાડી બરાબર બંધ કરી...? નહીં જ કરી હોય...!!

જેઈઈ-એડવાન્સ : એડમિટ કાર્ડ આજથી ડાઉનલોડ થશે

જેઈઈની એડવાન્સ પરીક્ષા માટે અરજી ગાળો પૂર્ણ થયો

અમદાવાદ, તા.૧૦

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી દેશની ટોચની ઈજનેરી અને આઈઆઈટી કોલેજોમાં (જેઈઈ-મેઈન)નું પરીણામ જાહેર કરાઈ ચુક્યું છે ત્યારે જેઈઈની એડવાન્સ પરીક્ષા માટે અરજી કરવાનો આજે છેલ્લો દિવસ હતો ત્યારે ફી જમા કરાવ્યા બાદ હવે ઉમેદવારો આગામી ૧૧મી મેનાં દિવસે પોતાનું એડમિશન કાર્ડ ડાઉનલોડ કરી શકે છે. ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થીઓએ જેઈઈ-એડવાન્સની પરીક્ષા દરમિયાન વર્ગખંડમાં પ્રવેશવા માટે એડમિટ કાર્ડની રંગીન પ્રિન્ટ લઈને પરીક્ષા સેન્ટર જવું ફરજીયાત છે.

જેઈઈ એડવાન્સની અભ્યાસક્રમની સમગ્ર વિગતો વેબસાઈટ ઢ્ઢીઢ્ઢઢ્ઢ્ઢ.ઢ્ઢષ્ઠ.ંહ પર અપલોટ કરવામાં આવી છે. જે મુજબ વિદ્યાર્થીઓ પોતાની ફાઈનલ તૈયારીઓ કરી શકે છે. ઉલ્લેખનીય છે કે જેઈઈ-એડવાન્સ પરીક્ષાનું પરીણામ ૧૯મી જૂનના રોજ જાહેર કરવામાં આવનાર છે. જેના આધારે દેશની ટોચની આઈઆઈટી કોલેજો ઉપરાંત રાજીવ ગાંધી ઈન્સ્ટિટ્યુટ ઓફ પેટ્રોલિયમ ટેકનોલોજી, રાયબરેલી, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ એજ્યુકેશન રિસર્ચ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સ્પેસ સાયન્સ એન્ડ ટેકનોલોજી સહીતની સંસ્થાઓમાં પ્રવેશ આપવામાં આવશે. આ માટે વિદ્યાર્થીઓને જેઈઈ-એડવાન્સ પરીક્ષાના મેરીટના આધારે ૨૦મી જૂનથી ઓનલાઈન ચોઈસ ફિલીંગ પ્રોસેસ શરૂ કરવામાં આવશે.

ક્ષત્રિય ઠાકોર સમાજ વિકાસ મંચ દ્વારા પ્રથમ સમૂહ લગ્નોત્સવ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત ક્ષત્રિય સમાજ વિકાસ મંચ ડભોડા (તારંગા) દ્વારા ગાંધીનગર જિલ્લાના બોરીજ ગામે ઠાકોર સમાજના પ્રથમ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. સમૂહ લગ્નોત્સવનું સંચાલન ગાંધીનગર ગાયત્રી પરિવાર (ગાયત્રી શક્તિપીઠ) દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલ હતું. આ સમૂહ લગ્નોત્સવમાં ઠાકોર સમાજના સાત યુગલોએ પ્રભુતાના પગલાં માંડ્યા હતા. શ્રી ભરતસિંહજી એસ. ડાભી, ધારાસભ્ય ખેરાલું શ્રી અશોકભાઈ પટેલ ધારાસભ્ય ગાંધીનગરે સમૂહ લગ્નોત્સવમાં ઉપસ્થિત રહીને નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

શ્રીશ્રી રવિશંકરના જન્મદિને આર્ટ ઓફ લીવીંગ દ્વારા મહાસુદર્શન અને મહાસત્સંગનું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

આર્ટ ઓફ લીવીંગના ગાંધીનગર ચેપ્ટર દ્વારા આગામી તા. ૧૩મી મે એ શ્રીશ્રી રવિશંકરના જન્મદિન નિમિત્તે સવારે ૬ વાગે મહાસુદર્શન ક્રિયા અને રાત્રે ૮.૩૦ કલાકે મહાસત્સંગનું આયોજન કરેલ છે. આ કાર્યક્રમ સેક્ટર-૧૧માં આવેલ મેઘમલ્હાર કોમ્પ્લેક્ષમાં બીજે માળે આવેલા હોલમાં યોજાશે.

બેંગ્લોરના વ્યક્તિ વિકાસ કેન્દ્ર દ્વારા આર્ટ ઓફ લીવીંગની વિવિધ શિબિરો યોજવામાં આવે છે. આ શિબિરોના પ્રણેતા શ્રીશ્રી રવિશંકરનો જન્મદિન તા. ૧૩મી મે એ મહાસુદર્શન ક્રિયાનું અને મહાસત્સંગનું આયોજન કરેલ છે. મહાસુદર્શનક્રિયા સવારે ૬ વાગે યોજાશે જેમાં બેઝિક કોર્સ કરેલા સર્વે શિબિરાર્થીઓ ઉપસ્થિત રહી શકે છે. જ્યારે મહાસત્સંગ રાત્રે ૮.૩૦ વાગે યોજાશે. જેમાં સર્વે નગરજનોને પરિવાર સાથે હાજર રહેવા આમંત્રણ અપાયું છે. આ તમામ કાર્યક્રમ સેક્ટર-૧૧માં આવેલ મેઘમલ્હાર કોમ્પલેક્ષમાં બીજે માળે આવેલ હોલમાં યોજાનાર છે.

લીંબુના ભાવ રોકેટગતિએ વધતા લોકો ભારે પરેશાન

મહારાષ્ટ્ર અને કર્ણાટકમાંથી પુરવઠો મર્યાદિત પ્રમાણમાં મળી રહ્યો છે જેથી શહેરમાં ભાવમાં તીવ્ર વધારો નોંધાયો

અમદાવાદ,તા. ૧૦

કાળઝાળ ગરમીનું મોજુ સમગ્ર રાજયમાં ફરી વળ્યું છે ત્યારે રિટેલ માર્કેટમાં લીંબુની કિંમત રેકોર્ડ ગતિએ આસમાને પહોંચી ગઈ છે. તાજેતરના સમયમાં ગરમીથી બચવા માટે મોટા ભાગના તબીબો લીંબુ જ્યુસ પીવા માટેની સલાહ આપે છે.

ગરમીનો સામનો કરવામાં લીંબુની ભૂમિકા મહત્વની રહેલી છે. અમદાવાદ શહેરમાં અને રાજયમાં મોટાભાગે પારો ૪૨થી ઉપર પહોંચી ગયો છે ત્યારે લીંબુની કિંમત પણ રોકેટ ગતિથી વધી છે. રિટેલ માર્કેટમાં લીંબુના ભાવ કિલોદીઠ ૧૬૦થી ૧૮૦ જેટલા ભાવ થઈ ગયા છે જેથી સામાન્ય લોકો લીંબુ ખરીદવામાં મુશ્કેલી અનુભવ કરી રહ્યા છે. હાલમાં લીંબુની કિંમતમાં ઘટાડો થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે.

સામાન્ય લોકોને તકલીફનો સામનો કરવો પડશે. એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટના નિષ્ણાતોનું કહેવું છે કે, ઉનાળાના ગાળા દરમિયાન લીંબુના ભાવ આસમાને પહોંચ્યા છે. કારણ કે મોટાભાગે મહારાષ્ટ્ર અને કર્ણાટક ઉપર આધારિત છે. આ વર્ષે આ બંને રાજયોમાં લીંબુનું મર્યાદિત ઉત્પાદન થયું છે જેના કારણે પુરવઠો પણ મર્યાદિત રહ્યો છે. આ બંને રાજયોમાંથી અમદાવાદ શહેરને ૪૦૦-૫૦૦ ક્વિન્ટલ લીંબુનો જથ્થો મળી રહ્યો છે. જો કે શહેરની અંદર માંગ ૭૦૦ ક્વિન્ટલની આસપાસની છે. આવા સમયમાં લોકોને પોસાય તેવા ભાવ ઉપર લીંબુ મળે તેવી સ્થિતિ દેખાઈ રહી નથી.

એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કમિટિના સેક્રેટરી દિપલ પટેલે કહ્યું છે કે, લીંબુ ટુંકાગાળાનો પુરવઠો છે. પારો સતત વધી રહ્યો છે ત્યારે લીંબુ માટેની માંગ પણ વધી રહી છે. સ્થાનિક વપરાશકારોમાં તેની માંગ જોવા મળી રહી છે. ગુજરાત લીંબુના ઉત્પાદન મામલે ખુબ પાછળ છે જેથી પુરવઠા માટે અન્યો ઉપર આધાર રાખે છે. સેટેલાઈટ અને વસ્ત્રાપુર તથા અન્ય પોશ વિસ્તારમાં ગુણવત્તાવાળા લીંબુના ભાવ કિલોદીઠ ૧૮૦ સુધી પહોંચી ગયા છે જ્યારે અન્ય કેટલાક વિસ્તારોમાં ભાવ ૧૪૦-૧૬૦ રૂપિયા છે. જાણકાર લોકોનું કહેવું છે કે, લીંબુ ગરમીમાં ખુબ જ ઉપયોગી છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં લીંબુના ભાવ અંગેના અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા બાદ લોકોમાં આને લઈને ભારે ચર્ચા છે. લોકો તીવ્ર મોંઘવારી વચ્ચે વધુ મુશ્કેલી અનુભવી રહ્યા છે.

શ્રી ભોજલરામની જન્મજયંતિએ ભવ્ય શોભાયાત્રાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ દ્વારા શ્રી ભોજલરામ બાપાની ૨૨૯મી જન્મજયંતિ વૈશાખ સુદ-૧૫ને ૧૪મી મે બુધવારે ધામધૂમથી ઉજવવામાં આવનાર છે. આ પ્રસંગે ભોજલરામ બાપાની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્રના સંત ભોજા ભગતે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની નિર્મળ સરવાણીથી જન-જીવનને સદાચારી બનાવ્યું હતું. ગિરનારની છત્ર છાયામાં આવેલ જેતપુરની બાજુમાં દેવકી ગાલોલ ગામે ઈ.સ. ૧૭૮૫ની વૈશાખી સુદ-૧૫ મે જન્મેલા સંત ભોજલરામે તેમના જ્ઞાન, કર્મ અને ધર્મ દ્વારા લોકસેવાની જેહાદ જગાવી સમાજની અદકેરી સેવા કરી હતી. સૌરાષ્ટ્ર લેઉવા સમાજ દ્વારા દર વર્ષે શ્રી ભોજલરામ ભગતની જન્મજયંતિ ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ આ ઉજવણી દરમ્યાન ભોજા ભગતની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવશે જેને બ્રહ્માકુમારીઝના કૈલાસદીદી પ્રસ્થાન કરાવશે. આ પાવન પ્રસંગે સૌરાષ્ટ્ર લેઉવા સેવા સમાજ દ્વારા જીસીએસ મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલના સહકારથી મફત રોગ નિદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ છે.

શું ખાવ છો ? રબ્બર, કેમિકલ, ઘાસ, રંગ, સ્ટાર્ચ, લાકડું, એસીડ

સાલ ૨૦૦૧માં અમેરિકાના શિકાગોના એક હાઈવે પર પુરઝડપે જતી એક માલવાહક ટ્રક પલટી મારી ગઈ અને એમાં ભરેલો માલ રસ્તા પર ઢોળાઈ ગયો. મીનીટોમાં જ શિકાગો સ્ટેટ હાઈવે પોલીસની ગાડીઓ ઘટના સ્થળે પહોચી ગઈ અને જાહેર કર્યું કે ઢોળાયેલ માલ સ્વાસ્થ્યને હાનીકારક કેમિકલ એઝોનીકાર્બોનામાઈડ છે જે મોટાભાગે પગરખાના સોલને વધુ લચીલું બનાવવા વપરાતું એક -કારનું તરલ રબ્બર છે. ઘટનાની ગંભીરતા જોતા ઓફીસરોએ અર્ધા માઈલના વિસ્તારમાં રહેતા લોકોને દુર ચાલી જવાનુ એલાન કરી દીધું. આ દરમ્યાન ઘણા બધા લોકોને આખોમાં બળતરા અને ચામડીમાં ખંજવાળની ફરિયાદો જોવા મળી. ઓવર ટુ ૨૦૧૨. ભારતીય મૂળ ધરાવતી અને અમેરિકાના લોકપ્રિય ફૂડ બ્લોગ 'ફૂડ બેબી' પર હેલ્થી રેસીપીઝ પીરસતી અને બજારમાં મળતા ફૂડમાં હાનીકારક તત્વોને ઓળખી અને લોકોને સાવચેત કરતી વાણી હરી નામની ફૂડ બ્લોગરને ૨૦૧૨માં ૧૪૧ દેશોમાં લગભગ ૪૦૦૦૦ રેસ્ટોરન્ટ ધરાવતી 'સબ-વે'ની સેન્ડવીચની બ્રેડમાં આ જ હાનીકારક એઝોનીકાર્બોનામાઈડ હોવાનું જાણવા મળ્યું કે જેના વપરાશને યુરોપ, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર સહિતના મોટાભાગના દેશોએ પ્રતિબંધિત જાહેર કરેલું છે કારણકે એનાથી અસ્થમા અને એલર્જી કે અમુક કિસ્સામાં ટ્યુમર પણ થઈ શકે છે. મતલબ લો કેલરી અને સંપૂર્ણ ફ્રેશ અને ન્યુટ્રીયશ ફૂડનો મોટા ઉપાડે દાવો કરતી આ ફાસ્ટફૂડની બ્રેડ એ બ્રેડ નહિ પણ રબ્બરનો એક ભાગ હતો. પછી તો વાણીએ બ્રેડમાંથી એઝોનીકાર્બોનામાઈડને દુર કરવાની ઝુંબેશ ચલાવી જેમાં મી.એન્ડ મીસીસ ઓબામા જેવા લોકો પણ જોડાયા અને અંતે કંપનીએ જાહેર કરવું પડ્યું કે અમે બ્રેડમાંથી આ હાનીકારક તત્વ કાઢી નાખીએ છીએ.

સબ વે એ ઉપર લખી એ જે ચાલાકી કરી એને 'ફૂડ ફ્રોડ' કહે છે. ફૂડ ફ્રોડ એટલે (ખાદ્યપદાર્થમા) જાણી જોઈને કોઈ એવી ચીજ ઉમેરવી, કે કોઈ એવી ચીજ કે જેના વડે આરોગ્યની દ્રષ્ટીએ હાની પહોચાડવી, ખોટી રીતે માહિતી આપવી, માહિતી છુપાવીને ખાદ્યપદાર્થ નું પેકિંગ કરવું કે આર્થિક ફાયદા માટે અધૂરી કે ખોટી માહિતી સાથે વેચાણ કરવું. ઘી મા ગાયની ચરબીનું મિશ્રણ, મસાલામા લાકડાની ભૂક્કી, કેરીના રસમાં પપૈયાનો પલ્પ, શુદ્ધ સિંગતેલમા રાયડાનું મિક્સિંગ, ફળો અને શાકભાજીમા કૃત્રિમ રંગો, દૂધમા યુરિયા જેવી તરત દેખાય કે પરખાય જાય એવી ભેળસેળો તો હવે આમ બાબત થતી જાય છે. જલ્દી પૈસાદાર થવાની લાલચે અને બજારની હરીફાઈમા ટકી રહેવા ખાદ્યપદાર્થોમા ઉત્પાદકો અને વેપારીઓ પોતપોતાની રીતે વધતી ઓછી ભેળસેળ કરતા જ રહે છે અને સમયે સમયે કાયદાની ચુંગાલમા પકડાતા પણ રહે છે. પણ આ ફૂડ ફ્રોડ આ ભેળસેળિયા મહારાજોથી સહેજ અલગ પડે છે.

આપણે ત્યાં અને સમગ્ર વિશ્વમાં પેકેજડ ફૂડ્સના પેકેટ પર ફૂડ લેબલ લગાડવું ફરજીયાત છે. આ ફૂડ લેબલ વેચનાર અને ખરીદનાર વચ્ચેનો એક વિશ્વાસુ કરાર છે જેમાં પદાર્થનું પ્રચલિત નામ, બનાવ્યાની અને એક્સપાયરીની તારીખ કે મહિનો/ વર્ષ, જો ઈમ્પોર્ટેડ હોય તો મૂળ ઉત્પાદક અને આયાતકર્તાનું નામ અને સરનામું, અને સૌથી અગત્યનું ફૂડ અંગેની જાણકારી મતલબ કે એ વસ્તુ બનાવવામાં વપરાયેલ સામગ્રીના નામ અને -માણ તેમજ આરોગ્ય સલામતીની દ્રષ્ટીએ અગત્યનું ન્યુટ્રીશન વેલ્યુ લખવી જરૂરી નહિ પણ ફરજીયાત છે. આ ઉપરાંત ૨૦૦૧થી બનાવેલો પણ છેક ૨૦૧૧મા સમ્પૂર્ણપણે અમલમા આવેલો વેજીટેરીયન ફૂડ પેકેટ પર લીલું ટપકું અને નોન- વેજીટેરીયન ફૂડ પેકેટ પર બ્રાઉન ટપકું દર્શાવવું પણ ફરજીયાત છે. બસ ખરો ખેલ આ લેબલમા જ રમાય છે. ૨૦૧૨મા દિલ્હી સ્થિત એન.જી.ઓ. સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્મેન્ટ કરેલા એક સર્વેક્ષણમા પેકેજડ ફૂડ બનાવતી દેશની ટોચની જંકફૂડ કંપનીઓના લેબલોમા ગેરમાર્ગે દોરનાર અથવા તો ખોટી રીતે જાહેર કરાયેલ સામગ્રીઓ જોવા મળેલી . દેશની ટોચની ૧૬ જંક ફૂડ કમ્પનીઓના જેવી કે મેગી નુડલ્સ, ટોપ રમન, મેકડોનાલ્ડ્સ, કેએફસી અને હલ્દીરામ જેવાના ફૂડ પેકેટ્સ પર લખેલા ટ્રાન્સ-ફેટ, ખાંડ અને મીઠાના -માણ લેબોરેટરી ટેસ્ટ દરમ્યાન લેબલ પર લખ્યા કરતા વધુ મળ્યા હતા કે જે ખાનારને ડાયાબીટીસ અને મેદસ્વીતા જેવા ગંભીર રોગોમા સપડાવવા માટે સક્ષમ હતા. આ જ ૨૦૧૨ના મેં મહિનામાં ભારતની ફૂડ સેફ્ટી રેગ્યુલેટરી એ કરેલા એક દેશવ્યાપી સર્વેક્ષણમાં દૂધના મોટાભાગના સેમ્પલમાં હાઈડ્રોજન પેરોકસાઈડ, ફર્ટીલાઈઝર, ડીટરજન્ટ કે બ્લીચના અવશેષો મળ્યા હતા. સવારના પહોરમાં દુધના ગ્લાસ સાથે આ વણજોઈતા રસાયણો પણ આપણા પેટમાં પહોચી જાય છે. વર્ષોથી ટ્રીન ટ્રીન ઘંટડી કે ભોપું વગાડતો સવારના પહોરમાં દૂધ પહોંચતો દૂધવાળો થોડું ઘણું પાણી ઉમેરે જ છે એ વાત તો આપણે હવે દુધની હારે જ ગટગટાવતા શીખી ગયા છીએ.

ધી ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથીરીટી ઓફ ઈન્ડિયાના એફએસએસ એકટની ધારા ૨૪ મુજબ કોઈ પણ ન્ડક્ટ પોતાના પ્રચારમાં ગેરમાર્ગે દોરતી માહિતી રજુ કરી શકતી નથી પણ વકતા જુવો કે એમણે મળેલી ફરિયાદોને આધારે કરેલી તપાસને અંતે ૧૯ જેવી ન્ડક્ટમા આ કાયદાનો સરેઆમ ભંગ થતો જોવા મળ્યો. જેમકે 'કોમપ્લેન'- બે ગણી વૃદ્ધિ થઈ શકવાનો દાવો એની જાહેરાતો અને પેકેટ પર કરે છે એજ રીતે બાળકો માટેના -ખ્યાત ન્યુટ્રીશન ફૂડ બુસ્ટ અને હોર્લિક્સ પણ રોજ ચોકલેટ ડ્રીન્કસ પીવો અને ઉંચા, બુદ્ધિશાળી અને શક્તિશાળી બનો એવી જાહેરાતોનો મારો આપણા પર ચલાવ્યે રાખે છે પણ ધી ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથીરીટી ઓફ ઈન્ડિયાએ જયારે એમના આ દાવાઓ ને પડકાર્યો ત્યારે એક પણ કંપની કોઈ વેલીડ કારણ કે રીસર્ચ રજુ કરી શકવામાં અસફળ રહ્યું હતું. એવું એક પણ તત્વ કે પદાર્થ એમની ન્ડક્ટમા એ બતાવી ના શક્યું કે જેનાથી એ જે જાહેરાતો કરે છે એ સાચી ઠરે. મતલબ કે એમણે લેબલ પર કે ન્ડક્ટ માટે રજુ કરેલા દાવાઓની માયાજાળમા આપણા બાળકો એ જ સુગર કે મીઠી મીઠી ચોકલેટ પેટમાં પધરાવતા રહ્યા છે. બિલકુલ આવું જ કેલોગ્સ મુસ્લીના પેકેટ પર લખાયેલું 'ફળોથી ભરપુર' ના કેસમાં થયેલું કે જેમાં તપાસ અને પરીક્ષણોના અંતે ફળોની માત્રા એકદમ નહીવત નીકળેલી અને ફળોને બદલે ફળોના એસન્સ અને કલરના અંશો મળેલા. આપણને તો એમ કે આપણે ફ્રેશ ફળો થી સમૃદ્ધ હેલ્ધી મુસ્લી આરોગી રહ્યા છીએ પણ ખરેખર તો એ ફૂડ કલર કે ફ્રુટ એસન્સ જ હતું. સવારના નાસ્તામા ખવાતા સીરીયલના પેકેટ પર ભલે ને લખ્યું હોય કે લો ફેટ કે પછી લો-કેલ પણ ખરેખર તો એમાં ખાંડ નું -માણ ચું જ હોય છે. સરવાળે તો ના તો ફેટ લો થતી કે ના તો કેલેરી !!!!!

રઝળપાટ
અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

અસલમાં ફૂડ ફ્રોડ એટલે ફૂડમા એવી ચીજ સામેલ કરી દેવી જે ખરેખર તો ફૂડમા હોવી જ ના જોઈએ અથવા તો હોવા છતાં છુપાવેલી હોય , જેમ સબ વે ની બ્રેડમા રબ્બર છુપાયેલું હતું બસ એમ જ !!!!! કેસર જગતનું સૌથી મોંઘુ દ્રવ્ય કહી શકાય પણ એમાંય બહાર તો ભલે ને શુદ્ધ અને સ્વચ્છ જેવા લેબલો માર્યા હોય પણ અંદર ગ્લીસરીન અને ચંદનના લાકડાની ભૂકી ભરેલી હોય શકે છે. હવે જયારે કેસરની ડબ્બી ખરીદો ત્યારે જોઈ લેજો લેબલ મા આ લખ્યું છે? કેસર તો દુરની વાત રહી પણ સવાર ના પહોરમાં કપ ભરીને પીવાઈ જતી ચા ની ભૂક્કીમા પણ બીજા છોડના પાંદડાઓનો ભુક્કો અને કલર હોય છે પણ લેબલ પર આવું કોણ છાપે ? મારા યુવાન મિત્રોમા એનર્જી ડ્રીક રેડ બુલ પીવાનો ક્રેઝ વધતો જાય છે પણ જો એક એવી વાત કહું તો એ સાંભળી ને તમારા પેટમાં આચ્કીઓ આવવા લાગશે. એક સ્વાયત સંસ્થાએ લીધેલા રેડબુલ એનેર્ગી ડ્રીન્કસ ના નમુના ની ચકાસણી કરતા માલુમ પડ્યું કે રેડ બુલ મા ટોઉરીન નામનું ઈન્ગ્રીડન્ટ છે . વાતની પરાકાષ્ટા એ છે કે આ ટોઉરીન આખલાના મૂત્ર, વીર્ય અને લીવરમા ઉત્પન્ન થતો એક -કારનો એસીડ છે જેને રેડ્બુલ ના ટીન પર એમીનો એસીડ તરીકે બતાવે છે. છે ને જબરદસ્ત ફ્રોડ !!!!

ગમે ત્યારે ખવાતા બિસ્કીટના લેબલ પર નજર નાખશો તો રીફાઈન્ડ ઘઉંનો લોટ, ખાંડ, વેજીટેબલ તેલ વગેરે વગેરે લખેલુ જોવા મળશે પણ મોટાભાગના બિસ્કીટમાં એડીબલ વેજીટેબલ તેલનું -માણ લખ્યા કરતા અનેકગણું વધુ જ હોય છે જે મૂળ તો ફેટ કે ચરબી જ છે જે સરવાળે લીવરને નુકશાન કરે છે. આગળ લખ્યું એ મુસ્લીના પેકેટ પર બિન્દાસ લખેલું હોય છે કે 'નો એડેડ સુગર' પણ ધ્યાનથી જુવો તો પેકેટના લેબલ પર બીજા ઈન્ગ્રીડનટ્સની સાથે સાથે લખેલા બીજા બધા જ સીરપમા ઓલરેડી સુગર આવી જ જાય છે. તમે ભલે ને સુગર ફ્રી ગણી ને મુસ્લી ને ખાધે જાવ. બજારમાં મળતા પેકેજડ સુપ્સ ના પેકેટને ક્યારેક ધ્યાનથી જોઈ લેજો. લગભગ બધા જ પેકેટના લેબલ પર 'ફ્લેવર એન્હાન્સર' એવું લખેલું જોવા મળશે. શું છે આ ફ્લેવર એન્હાન્સર ? ઘરે ફ્રેશ ટામેટા નો સૂપ બનાવીને થોડા દીવસ રાખી તો મુકજો. શું એનો કલર એવો ને એવો રહે છે? નહિ ને. તો આ પેક્ડ ટમેટો સૂપ નો કેવી રીતે રહે? સિમ્પલ.. એમાં ઉમેરવામાં આવે છે કલરિંગ એજન્ટ અથવા સાદી ભાષામાં કહો તો કૃત્રિમ કલર જેને લેબલ પર બતાવાય છે ફ્લેવર એન્હાન્સર નામે !!!! જેને લીધે કીડની અને લીવરને આ કેમિકલ્સને સાફ કરવા વધુ મહેનત કરવી પડે છે ને સરવાળે આવા સૂપનું વધુ પડતું સેવન આ બંને અવયવોને ક્ષીણ કરી મુકે છે. બિલકુલ આવું જ કઈક પેક